## તુવેરનો સંગ્રહ કરી એપ્રિલ, ૨૦૨૦ પછી વેચાણ કરવા ખેડૂતભાઈઓ નિર્ણય કરી શકે, કાપણી સમયેનાં ભાવ ટેકાના ભાવથી નીચા રહેવાની સંભાવના

દેશમાં ચોમાસું ઋતુનાં કઠોળ પાકોમાં તુવેરનું સૌથી વધારે વાવેતર થાય છે. જે મુખ્યત્વે મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને ગુજરાતમાં વ્યાપક પ્રમાણમાં વવાય છે. સને ૨૦૧૭-૧૮ માં ભારત કઠોળના ઉત્પાદનમાં આત્મનિર્ભર બનેલ છે. ચાલું વર્ષ ૨૦૧૯-૨૦ માં રવી પાકની સંભાવનાઓ ખૂબ જ સારી છે, પરંતુ ચોમાસામાં વધારે વરસાદને લીધે જળ ભરાવ થવાથી અને ઓક્ટોબર - નવેમ્બર, ૨૦૧૯ માં થયેલા કમોસમી વરસાદને લીધે, ખાસ કરીને અડદ અને તુવેર પાકને ઘણાજ પ્રમાણમાં નુકસાન થયેલ હતું.

ગત વર્ષે ભારતમાં તુવેરનું ઉત્પાદન ઘટીને ૩૩.૨ લાખ ટન થયેલ હતું, જે ૨૦૧૭-૧૮માં ૪૨.૯ લાખ ટન હતું . તેમજ ૨૦૧૭-૧૮ માં કુલ કઠોળનું ઉત્પાદન ૨૫૪ લાખ ટન થયેલ, જે ઘટીને ૨૦૧૮-૧૯માં ૨૨૦.૮ લાખ ટન થયેલ હતું. જેથી, તુવેરનાં ભાવ ગુજરાતની વિવિધ બજારોમાં માર્ચ, ૨૦૧૮ માં મણનાં રૂ. ૮૦૦ જેટલા પ્રવર્તમાન હતા જે વધીને મે, ૨૦૧૯ માં રૂ. ૧૦૬૦ જેટલા થયેલ અને નવેમ્બર, ૨૦૧૯ સુધી આ સ્તરે રહેલા. હાલમાં તુવેરનો ભાવ મણનાં રૂ. ૧૦૦૦ આસપાસ છે. અને થોડી વધ-ઘટ સાથે કાપણી સમયે આ સ્તરે સ્થિર રહેવાની સંભાવના છે.

ચાલું વર્ષ ૨૦૧૯-૨૦ માં દેશમાં અંદાજે ૪૫.૮૨ લાખ હેક્ટરમાં તુવેરનું વાવેતર થયેલ છે અને ઉત્પાદન અંદાજીત ૩૬.૯ લાખ ટન થશે. જે ગત વર્ષ કરતા ૩.૭ લાખ ટન વધારે થશે. પરંતુ ૨૦૧૭-૧૮ કરતા ૬ લાખ ટન જેટલું ઓછું રહેશે. દેશમાં કઠોળ પાકોનું કુલ ઉત્પાદન ૨૩૦ લાખ ટન થવાનો અંદાજ છે (બીજો આગોતરો અંદાજ તા. ૧૮/૦૨/૨૦૨૦). જે દેશની કુલ વપરાશ અંદાજે ૨૪૦ લાખ ટન કરતા ઘણું જ ઓછું થશે. ભારતમાં તુવેરની આયાત વર્ષ ૨૦૧૮-૧૯માં ૫.૩૧ લાખ ટન થયેલ અને કુલ કઠોળની આયાત ૨૫.૨૮ લાખ ટન થયેલ. ચાલું વર્ષે એપ્રિલ થી ડિસેમ્બર, ૨૦૧૯ સુધીમાં ૩.૬૨ લાખ ટન તુવેર સહિત ૨૨.૮૪ લાખ ટન કઠોળની આયાત થયેલ છે. ગત વર્ષનો કુલ કઠોળનો બીન-વપરાશી જથ્થો આશરે ૭ લાખ ટન જેટલો હશે.

ગુજરાતમાં, ચાલું વર્ષમાં તુવેરનું વાવેતર ઘટીને અંદાજે ૨.૧૬ લાખ હે. થયેલ છે. જે વર્ષ ૨૦૧૮-૧૯ માં ૨.૫૪ લાખ હે. થયેલ હતું, અને ઉત્પાદન ૨.૮૬ લાખ ટન જેટલું થશે, જે ગત વર્ષ (૩.૦૭ લાખ ટન) કરતા થોડો ઓછું રહેશે. ભારત સરકારે ૨૦૧૯-૨૦ ની ખરીફ સીઝન માટે તુવેરના ટેકાના ભાવ મણનાં રૂ. ૧૧૬૦ (રૂ. ૫૮૦૦ પ્રતિ ક્વિન્ટલ) નક્કી કરેલ છે, જે ગયા વર્ષે રૂ. ૧૧૩૫ હતા.

ઉપરોક્ત વિગતે ઉત્પાદન અને બજારના અહેવાલોને ધ્યાનમાં લઈ, કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી, જુનાગઢની સંશોધન ટીમે દાહોદ માર્કેટિંગ યાર્ડનાં તુરનાં ઐતિહાસિક માસિક ભાવનું વિશ્લેષણ કરેલ છે. જેના તારણ મુજબ એવું અનુમાન છે કે, તુવેરનો ભાવ **માર્ચ – એપ્રિલ, ૨૦૨૦ દરમ્યાન (કાપણી સમયે) મણ રૂ. ૯૬૦ થી ૧૦૬૦ જેટલા રહેવાની સંભાવના છે.** જેથી ખેડૂતભાઈઓ કાપણી પછી તરત જ શક્ય તેટલો જથ્થો ટેકાના ભાવના ખરીદ કેન્દ્રો ખાતે (માર્કેટિંગ યાર્ડમાં) વેચાણ કરવા સૂચન છે; જો ટેકાના ભાવે ન વેચી શકાય તો એપ્રિલ, ૨૦૨૦ સુધી સંગ્રહ કરી પછી વેચાણ કરવા પોતાની રીતે નિર્ણય લઈ શકે છે.

કઠોળની આયાત બાબતે સરકારશ્રી દ્વારા માર્યાદિત જથ્થાની નીતિ ચાલું રાખવામાં આવશે, તો લણણીની મૌસમ પૂરી થયા પછી તુવેરનાં ભાવ ટેકાના ભાવની આસપાસ થવાની સંભાવના રહેલી છે.